# પેજ 3

## કેટરિનાના દિયરનું થયું બ્રેકઅપ



મુંબઈ, તા. 18 ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં જેટલી ઝડપથી સંબંધો બને છે, તેના કરતાં ક્યાંય વધુ ઝડપથી બગડી પણ જાય છે. ઘણી વખત સિતારાઓ વચ્ચે કરિયરના કારણે દીવાલ બની જતી હોય છે. વિક્કી કૌશલના નાના ભાઈ અને જાણીતા અભિનેતા સની કૌશલને લઈને થોડા સમય પહેલા સમાચાર હતા કે તેઓ શર્વરી વાઘને ડેટ કરી રહ્યા છે, પરંતુ હવે આ દરમિયાન સમાચાર આવ્યા છે કે કરિયરમાં ઉતાર-ચઢાવ અને પર્સનલ સક્સેસના તફાવતને કારણે વર્ષ 2025માં બંનેનું બ્રેકઅપ થઈ ગયું હતું. સમાચારો અનુસાર, આશરે 2 વર્ષ પહેલાં સુધી બંનેની કરિયર અને સંબંધ ખૂબ જ સારા ચાલી રહ્યા હતા. શર્વરી અને સનીના સંબંધોને ફેન્સ પણ ખૂબ પસંદ કરતા હતા.

## વૈષ્ણો દેવી મંદિર પહોંચ્યો અક્ષય કુમાર



કટરા, તા. 18: અભિનેતા અક્ષય કુમાર પોતાની આગામી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'ની રિલીઝ પહેલા માતા વૈષ્ણવો દેવી મંદિર પહોંચ્યો હતો. ગુરુવારે અક્ષય કુમારે ત્રિકુટા પહાડીઓ પર સ્થિત આ પવિત્ર મંદિરમાં માથું ટેકવ્યું હતું અને આશીર્વાદ લીધા હતા. મંદિર પરિસરમાં અભિનેતાને જોતાં જ ત્યાં હાજર ફેન્સે તેમને ઘેરી લીધો હતો. આ દરમિયાન અક્ષય કુમાર પારંપરિક સફેદ કુર્તો પહેરેલા જોવો મળ્યો હતો. સોશિયલ મીડિયા પર પણ અક્ષયના ઘણા વીડિયો સામે આવ્યા છે, જેમાં ફેન્સ તેમની સાથે સેલ્ફી લેવાનો પ્રયાસ કરતા જોવા મળી રહ્યા છે. આ પહેલા પણ અક્ષય ઘણી વખત પોતાની ફિલ્મોની રિલીઝ પહેલા ધાર્મિક સ્થળો પર જઈને આશીર્વાદ લેતો રહ્યો છે.

## કોર્ટે પ્રીતિ ઝિન્ટાને ગૂગલ, મેટા વિરુદ્ધ કેસ કરવાની મંજૂરી આપી



મુંબઈ, તા. ૧૮: બોમ્બે હાઈકોર્ટે અભિનેત્રી અને ઉદ્યોગસાહસિક પ્રીતિ ઝિન્ટાને ગૂગલ એલએલસી, મેટા પ્લેટફોર્મ્સ ઇન્ક, એક્સ કોર્પ અને અન્ય કેટલીક ડિજિટલ સંસ્થાઓ વિરુદ્ધ કથિત એઆઈ-જનરેટેડ ડીપફેક્સ અને ઓનલાઇન છેડછાડ કરાયેલી સામગ્રી, જે તેના અધિકારોનું ઉલ્લંઘન કરે છે તેમ તેનો દાવો છે, તે બદલ સિવિલ દાવો દાખલ કરવાની મંજૂરી આપી છે. જસ્ટિસ અભય આહુજા દ્વારા ૧૬ જૂનના રોજ એક આદેશ પસાર કરવામાં આવ્યો હતો જે ઝિન્ટાને બોમ્બે હાઈકોર્ટ સમક્ષ ઔપચારિક રીતે તેનો સિવિલ દાવો દાખલ કરવાની મંજૂરી આપે છે. ઝિન્ટાનો પ્રસ્તાવિત દાવો એઆઈ-જનરેટેડ ડીપફેક વીડિયો, છેડછાડ કરાયેલી છબીઓ (ઈમેજીસ), મીમ્સ, એઆઈ ચેટબોટ પર્સોના અને અન્ય ડિજિટલ સામગ્રી સંબંધિત છે.

## મોંમાં તમાકુ અને યોગ..? રવિ કિશનના વીડિયોથી મચ્યો હોબાળો



ગોરખપુર, તા. 18: એક્ટર-નેતા રવિ કિશનનો એક વીડિયો સામે આવ્યો છે અને તેણે ખળભળાટ મચાવી દીધો છે. ભોજપુરી સિનેમાની સાથેસાથે હિન્દી અને સાઉથમાં પણ પોતાના અભિનયથી ધમાકો કરી ચૂકેલા રવિ કિશન ટ્રોલ થઈ રહ્યા છે. હકીકતમાં તેમનો એક વીડિયો સામે આવ્યો છે જેમાં તેઓ યોગ કરતા જોવા મળી રહ્યા છે. વાસ્તવમાં ઇન્ટરનેશનલ યોગ ડે (21 જૂન) પહેલા જ તેઓ ઘણી જગ્યાઓ પર જઈને યોગ કરી રહ્યા છે. આ દરમિયાન સાંસદજી ગોરખપુરમાં હતા અને અલગ-અલગ જગ્યાઓ પર યોગ સેશનમાં ભાગ લીધો હતો. પરંતુ આ યોગ દરમિયાન લોકોની નજર તેમના મોં પર પડી જેમાં તેઓ કંઈક ચાવતાં નજરે પડી રહ્યા છે. પછી શું હતું, ટ્રોલિંગ શરૂ થઈ ગયું.

# રાજ્યસભા ચૂંટણી: ઝારખંડમાં ક્રોસ વોટિંગથી પરિમલ નથવાણી વિજેતા

**મિઝોરમમાં** ZPM ની ઐતિહાસિક એન્ટ્રી; ઉપલા ગૃહમાં NDAની બેઠકો વધીને ૧૫૦ થઈ

નવી દિલ્હી/રાંચી, તા. ૧૮ (PTI) ઝારખંડમાં યોજાયેલી રસાકસી ભરેલી રાજ્યસભાની ચૂંટણીમાં ક્રોસ-વોટિંગના કારણે એનડીએ સમર્થિત અપક્ષ ઉમેદવાર પરિમલ નથવાણીને ગુરુવારે રાજ્યની બે બેઠકોમાંથી એક બેઠક જીતવામાં મદદ મળી. સત્તાધારી ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)એ બીજી બેઠક પર વિજય મેળવ્યો હતો.

નથવાણીને ૨૮ મત મળ્યા હતા, જેમણે કોંગ્રેસના પ્રણવ ઝાને હરાવ્યા હતા, જેમને ૨૦ મત મળ્યા હતા.

મિઝોરમમાં સત્તાધારી જોરામ પીપલ્સ મુવમેન્ટ (ઝેડપીએમ) એ રાજ્યસભામાં તેનું સૌપ્રથમ પ્રતિનિધિત્વ મેળવ્યું છે. કારણ કે, પાર્ટીના ઉમેદવાર કે. લાલતલુઆંગકીમાએ રાજ્યની એકમાત્ર બેઠકની ચૂંટણી જીતી લીધી છે.

ગુરુવારે ઝારખંડમાં બે બેઠકો અને મિઝોરમમાં એક બેઠક માટે મતદાન થયું હતું, જ્યારે ૧૧ જૂને ચકાસણી બાદ ૮ રાજ્યોમાં ૨૪ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા.

બિનહરીફ ચૂંટાયેલા ૨૪ ઉમેદવારોમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને પાર્ટીના મીડિયા સેલના વડા પવન ખેડા ઉપરાંત ભાજપના નેતાઓ સતીશ પુનિયા અને તરુણ ચુગનો સમાવેશ થાય છે.

૧૧ જૂનના રોજ એનડીએના ૧૯ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા, જ્યારે કોંગ્રેસે બાકીની પાંચ બેઠકો મેળવી હતી.

મહારાષ્ટ્ર, તમિલનાડુ અને ઓડિશામાં રાજ્યસભાની ત્રણ બેઠકો માટેની પેટા-ચૂંટણી પણ અગાઉ યોજાઈ હતી, જેમાં ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા.

રાજ્યસભાની ચૂંટણીના આ રાઉન્ડ સાથે, સત્તાધારી એનડીએ બે-તૃતીયાંશ બહુમતીના આંકડાની વધુ નજીક પહોંચી ગયું છે. રાજ્યસભામાં હવે એનડીએ પાસે ૧૫૦ બેઠકો હશે. જો તે પશ્ચિમ બંગાળમાં ખાલી પડેલી અન્ય ત્રણ બેઠકો જીતી લેશે તો ઉચ્ચ ગૃહમાં તેના સભ્યોની સંખ્યા ૧૫૩ થઈ જશે, જે બે-તૃતીયાંશ બહુમતીથી હજુ પણ ૧૦ ઓછી છે.

# શિવસેના(UBT)ની બેઠકમાં છ સાંસદો હાજર રહ્યા નહીં

**પક્ષની** બેઠકમાં ત્રણ જ સાંસદો હાજર

**ગેરહાજર** સાંસદોએ શિંદે જૂથ સાથે જોડાવાની માગણી કરતો પત્ર સ્પીકરને આપ્યો હોવાના અહેવાલ

**પક્ષ** આ સાંસદોને શો-કોઝ નોટિસ આપશે, જો જવાબ નહીં મળે તો ગેરલાયક ઠેરવવાની માગ કરવામાં આવશે

## આ ગદ્દારોને ઘરે જવા માટે લશ્કરના રક્ષણની જરૂર પડશે: રાઉતની ધમકી

**દેશની** હાલની રાજકીય સ્થિતિ માટે સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચ જવાબદાર

બુધવારે પણ બળવાખોરો સામે અપશબ્દોનો પ્રયોગ કરનાર સંજય રાઉતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ વખતે વસ્તુઓ સરળ નથી અને તેમને છોડવામાં નહીં આવે. રાઉતે ચેતવણી આપતા કહ્યું કે, આ ગદ્દારો પોતાના ઘરે કે પોતાના મતવિસ્તારમાં જઈ શકશે નહીં. તેમને બરાબરનો પાઠ ભણાવવામાં આવશે. તેમને ઘરે પહોંચવા માટે સેનાની મદદની જરૂર પડશે, તેમને સુરક્ષા માટે ભારતીય વાયુસેનાની જરૂર પડશે. તેમણે દેશમાં પ્રવર્તમાન રાજકીય પરિસ્થિતિ માટે સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચને પણ જવાબદાર ઠેરવ્યા હતા.

નવી દિલ્હી, ૧૮ જૂન (PTI): શિવસેના (UBT)ના નવ લોકસભા સાંસદોમાંથી છ સાંસદો ગુરુવારે અહીં યોજાયેલી એક મહત્વપૂર્ણ સંસદીય પક્ષની બેઠકમાં ગેરહાજર રહ્યા હતા, જે તેમના મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં વિધિવત ક્રોસઓવરનો સંકેત આપે છે.

શિવસેના(UBT) ના એકમાત્ર રાજ્યસભા સાંસદ સંજય રાઉત ગેરહાજર રહેલા સાંસદો પર ભારે નારાજ દેખાયા હતા. તેમણે ગેરહાજર સભ્યો વિરુદ્ધ ઉગ્ર આક્રોશ ઠાલવ્યો હતો અને ધમકીઓ તેમજ અપશબ્દોનો મારો ચલાવતા કહ્યું હતું કે, શિવસૈનિકોના પ્રકોપથી બચવા માટે આ ગદ્દારોને ભારતીય વાયુસેના (IAF) ના રક્ષણની જરૂર પડશે.

આ બેઠકમાં રાઉત ઉપરાંત શિવસેના(UBT)ના સાંસદો અરવિંદ સાવંત, અનિલ દેસાઈ અને રાજાભાઉ વાજે હાજર રહ્યા હતા. બાકીના છ લોકસભા સાંસદોની ગેરહાજરીએ પક્ષના સંસદીય જૂથમાં ભાગલા પડ્યા હોવાની વાત પર લગભગ મહોર મારી દીધી છે. બેઠકમાં ગેરહાજર રહેલા સાંસદોમાં નાગેશ આષ્ટીકર, સંજય દેશમુખ, સંજય જાધવ, સંજય દીના પાટીલ, ઓમપ્રકાશ રાજે નિમ્બાળકર અને ભાઉસાહેબ વાકચૌરેનો સમાવેશ થાય છે. બેઠક બાદ સાવંતે પત્રકારોને જણાવ્યું હતું કે, આ છ સાંસદોને 'કારણ દર્શાવો' નોટિસ ફટકારવામાં આવશે.

### મમતા બેનરજી છાવણીને વધુ એક ફટકો

# તૃણમૂલના અરૂપ બિશ્વાસે પક્ષના બેંક ખાતાઓ ફ્રીઝ કરવાની માગ કરી

**મમતાએ** જેમને પક્ષના ખજાનચીપદેથી દૂર કર્યા હતા તે બિશ્વાસ પોતાને અસલી ખજાનચી ગણાવે છે

**બેંકોને** પત્ર લખીને પક્ષના ખાતાઓ ફ્રીઝ કરી દેવાની માગ કરી

કોલકાતા, ૧૮ જૂન (PTI): તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના આંતરિક વિખવાદે ગુરુવારે એક નવો વળાંક લીધો જ્યારે પક્ષના ખજાનચી અરૂપ બિસ્વાસે બેંકને પત્ર લખીને પક્ષના ખાતાઓના સંચાલન પર નિયંત્રણો મૂકવાની માંગ કરી. તેમણે ધારાસભ્યો અને સાંસદોના બળવા વચ્ચે પક્ષના કાયદેસરના નેતૃત્વ અંગે ઊભી થયેલી અનિશ્ચિતતાનો હવાલો આપ્યો છે.

આ પગલાને પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીની આગેવાની હેઠળના જૂથ માટે એક નવો ફટકો માનવામાં આવી રહ્યો છે. આ ઘટના એવા સમયે બની છે જ્યારે તેના થોડા દિવસો પહેલા જ બળવાખોર ધારાસભ્યો અને સાંસદોએ વિધાનસભા ચૂંટણીમાં પક્ષની હાર બાદ તૃણમૂલ કોંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વની સત્તાને પડકારી હતી અને અસલી TMC હોવાનો દાવો કર્યો હતો.

કોલકાતામાં આવેલી એક ખાનગી બેંકની સેન્ટ્રલ પ્લાઝા શાખાના મેનેજરને સંબોધીને લખાયેલો બે પાનાનો આ પત્ર સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જોકે PTI આ પત્રની સત્યતાની સ્વતંત્ર રીતે પુષ્ટિ કરી શક્યું નથી. પત્ર અંગે બેંકે કોઈ પ્રતિક્રિયા આપી નથી, જ્યારે મમતા બેનર્જીના ક્યારેક વફાદાર ગણાતા પૂર્વ મંત્રી બિસ્વાસને કરવામાં આવેલા ફોન કોલ્સ અને ટેક્સ્ટ મેસેજનો કોઈ જવાબ મળ્યો નથી.

# રામ મંદિર ઉચાપત વિવાદ: સીટે ટ્રસ્ટના સભ્યની પૂછપરછ કરી

**સીટ** તપાસ વચ્ચે મુખ્યમંત્રી શુક્રવારે રામ મંદિરની મુલાકાત લેશે

અયોધ્યા, તા. ૧૮ (PTI): રામ મંદિરમાં કથિત ભંડોળની ઉચાપતની તપાસ કરી રહેલી સીટએ ગુરુવારે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય ડૉ. અનિલ મિશ્રાની દાનમાં આવેલાં નાણાંની ગણતરી અને આ પ્રક્રિયામાં સામેલ સ્ટાફની નિમણૂક અંગે પૂછપરછ કરી હતી. એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ત્રણ સભ્યોની વિશેષ તપાસ ટીમ (સીટ) સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ રામ મંદિર પરિસરમાં પહોંચી હતી અને સતત ચોથા દિવસે તેની તપાસ ચાલુ રાખી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મિશ્રાને ચઢાવાની ગણતરી કરવાની સિસ્ટમ અને આ કામગીરી સાથે જોડાયેલા કર્મચારીઓની ભરતી વિશે પૂછપરછ કરવામાં આવી હતી.

સીટ તપાસ વચ્ચે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ શુક્રવારે રામ મંદિરની મુલાકાત લેવાના છે.

અયોધ્યાના જિલ્લા મેજિસ્ટ્રેટ શશાંક ત્રિપાઠી દ્વારા જાહેર કરવામાં આવેલા મિનિટ-ટુ-મિનિટ કાર્યક્રમ અનુસાર, મંદિર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયને એવા વ્યક્તિને નામાંકિત કરવા માટે કહેવામાં આવ્યું છે જે મુખ્યમંત્રી માટે દર્શન પૂજનની વ્યવસ્થા કરશે. આ ઘટનાક્રમ દાન વિવાદની તપાસ કરી રહેલી સીટ સમક્ષ રાયે જુબાની આપી તેના એક દિવસ પછી સામે આવ્યો છે.

રાય પરંપરાગત રીતે મંદિરમાં અગાઉની હાઈ-પ્રોફાઈલ મુલાકાતો દરમિયાન મહાનુભાવોની સાથે જોવા

## યુરોપમાં પોતાના દળોની તૈનાતીની અમેરિકા સમીક્ષા કરશે

બ્રસેલ્સ, ૧૮ જૂન (AP): અમેરિકાના સંરક્ષણ મંત્રી પીટ હેગસેથે ગુરુવારે નાટોના સહયોગી દેશો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે યુરોપમાં અમેરિકી દળોની છ મહિનાની પેન્ટાગોન સમીક્ષાની જાહેરાત કરી છે, જેનું પરિણામ યુરોપિયનો પોતાની સુરક્ષાની જવાબદારી કેટલી ઝડપથી સ્વીકારે છે તેના પર નિર્ભર રહેશે.

તેમણે બ્રસેલ્સમાં તેમના નાટો સમકક્ષોને જણાવ્યું કે, આ એક વાસ્તવિક સમીક્ષા હશે. તે એ સુનિશ્ચિત કરવા માટે તૈયાર કરવામાં આવશે કે નાટો ઝડપથી અને અપરિવર્તનીય રીતે યુરોપના નેતૃત્વ તરફ આગળ વધે, અને યુરોપ પોતાની રક્ષા માટેની પ્રાથમિક જવાબદારી ઉઠાવવા આગળ આવે. હેગસેથે ઈરાન પર હુમલા કરવા માટે યુરોપમાં આવેલા સૈન્ય મથકોનો ઉપયોગ કરવાની મંજૂરી અમેરિકી દળોને ન આપવા બદલ યુરોપિયન સહયોગીઓની આકરી ટીકા કરી હતી અને તેને શરમજનક ગણાવી હતી.

# NEET ફેરપરીક્ષાની તૈયારીઓની કેન્દ્રીય શિક્ષણ મંત્રીએ સમીક્ષા કરી

**રાજ્ય** સરકારો, એનટીએ, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ વગેરેના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા

**તમામ** રાજ્યોના નોડલ અધિકારીઓને વિદ્યાર્થીઓને તમામ જરૂરી સુવિધાઓ પુરી પાડવા સૂચના

## NTAની વિદ્યાર્થીઓને અપીલ: અફવાઓથી દૂર રહો

બીજી તરફ, NTAએ પણ NEET-UGના ઉમેદવારોને શાંત રહેવા અને તેમની તૈયારી પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી છે, અને ખાતરી આપી છે કે સુરક્ષિત અને ન્યાયી પરીક્ષા સુનિશ્ચિત કરવા માટે વ્યાપક વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક સંદેશામાં એજન્સીએ જણાવ્યું હતું કે પુનઃપરીક્ષા નિર્ધારિત કાર્યક્રમ મુજબ રવિવારે જ યોજાશે અને ઉમેદવારોને પરીક્ષા મુલતવી રાખવાની અફવાઓ અથવા "સોશિયલ મીડિયા પરના ઘોંઘાટ" થી ગેરમાર્ગે ન દોરાવા જણાવ્યું હતું.

ન્યૂયોર્ક, તા. ૧૮(પીટીઆઈ): કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ગુરુવારે ૨૧ જૂને યોજાનારી NEET-UG પુનઃપરીક્ષા માટેની તૈયારીઓનું મૂલ્યાંકન કરવા માટે શિક્ષણ મંત્રાલય, રાજ્ય સરકારો, નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓ સાથે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી.

મેડિકલ કોર્સોમાં પ્રવેશ માટેની NEET-UG પરીક્ષા આ વર્ષે ૩ મેના રોજ યોજાઈ હતી, પરંતુ પેપર લીક થવાના આક્ષેપો વચ્ચે NTAએ ૧૨ મેના રોજ તેને રદ કરી દીધી હતી. હાલમાં CBI આ મામલાની તપાસ કરી રહી છે.

બેઠકને સંબોધતા પ્રધાને પરીક્ષા પ્રક્રિયામાં "અખંડિતતા, પારદર્શિતા અને કાર્યક્ષમતાના સર્વોચ્ચ ધોરણો" જાળવવા પર ભાર મૂક્યો હતો અને તમામ સંબંધિત સત્તાવાળાઓને સતર્ક રહેવા તેમજ મુક્ત અને ન્યાયી વાતાવરણમાં પુનઃપરીક્ષાના સંચાલન માટે સંપૂર્ણ રીતે તૈયાર રહેવા નિર્દેશ આપ્યો હતો. મંત્રીએ જણાવ્યું હતું કે મંત્રાલય દ્વારા નિયુક્ત કરાયેલા અધિકારીઓ પુનઃપરીક્ષાની પ્રક્રિયા સંબંધિત પ્રવૃત્તિઓનું સંકલન કરવા માટે તમામ રાજ્યોમાં પહોંચશે અને NTAના ડાયરેક્ટર જનરલના નેતૃત્વ હેઠળના કમાન્ડ સેન્ટરને રિપોર્ટ કરશે.

પ્રધાને રાજ્ય સરકારોના નિયુક્ત નોડલ અધિકારીઓને પણ વિનંતી કરી હતી કે તેઓ વિદ્યાર્થીઓને તમામ જરૂરી સુવિધાઓ પૂરી પાડે જેથી તેઓ તણાવમુક્ત વાતાવરણમાં પુનઃપરીક્ષા આપી શકે.

## સુડોકુ ૩૫૫૩ - 'ક્રૂર'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૬ | ૭ | | | | | ૮ |
| | | ૪ | | ૨ | ૫ | ૩ | ૭ | |
| ૮ | ૭ | | ૯ | ૩ | | ૧ | | |
| ૫ | | | | | | ૬ | ૮ | ૭ |
| | | ૧ | ૨ | | ૭ | | | ૩ |
| ૩ | | | ૫ | ૮ | | ૨ | ૪ | ૧ |
| | | | | ૫ | ૨ | ૭ | ૩ | |
| | | | | ૯ | | ૪ | | |
| ૯ | | ૨ | | ૭ | ૪ | ૮ | | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

[illegible]

## દિલ્હી ડાયરી

### ધર્મેન્દ્ર પ્રધાન અને નીટ વિવાદ

નીટ-યુજી પ્રશ્નપત્ર લીક મામલે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન ભલે ઘેરાયેલા હોય, પરંતુ બીજુ જનતા દળ (બીજેડી)ના રાજ્યસભા સાંસદ દેબાશીષ સામંતરાયને ભાજપમાં સામેલ કરાવીને તેઓ રાજકીય ચર્ચામાં રહ્યા છે. આ પગલાંથી મુખ્યમંત્રી મોહન ચરણ માઝી સહિત દરેક જણ અચંબિત થઈ ગયા હતા. સામંતરાય ભાજપમાં જોડાયા તેના બરાબર એક દિવસ પહેલાં જ મુખ્યમંત્રી માઝીને તાત્કાલિક દિલ્હી પહોંચવા માટે કહેવામાં આવ્યું હતું. ભાજપના શાસનની બીજી વર્ષગાંઠ પહેલાં જ પોતાને બદલવામાં આવી શકે છે તેવી અટકળોનો સામનો કરી રહેલા મુખ્યમંત્રી આનાથી સ્વાભાવિક રીતે જ ચિંતિત બની ગયા હતા. પાછળથી ખુલાસો થયો કે, આ સમગ્ર વ્યૂહરચના પાછળ પ્રધાનનો હાથ હતો, જેનાથી સંસદના ઉપલા ગૃહમાં પક્ષની સ્થિતિ મજબૂત થઈ છે. આ રાજકીય દાવપેચે 'દિલ્હી દરબાર'માં પ્રધાનનું કદ વધાર્યું છે, જેના કારણે તેઓ હાલ પૂરતા નીટ વિવાદની આંચમાંથી બચી શક્યા છે. માઝીને કોઈ ક્ષોભજનક સ્થિતિનો સામનો ના કરવો પડે તે માટે તેમને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે મોકલવામાં આવ્યા હતા. ત્યાર બાદ તેઓ સંતોષ સાથે ઓડિશા પરત ફર્યા હતા. જોકે, પોતાની સ્થિતિ બચાવવા માટે પ્રધાન ગમે તેટલા પ્રયાસો કરે, પરંતુ વારંવાર થતા પેપર લીકનો આ વિવાદ તેમનો પીછો છોડવાનો નથી અને તે તેમને સતાવતો રહેશે. આ મુદ્દાએ વિરોધ પક્ષોને, ખાસ કરીને કોંગ્રેસને એક ગંભીર હથિયાર આપી દીધું છે, જ્યારે સામાન્ય જનતામાં પણ ભારે રોષ છે અને તેઓ તેમના રાજીનામાની માંગ કરી રહ્યા છે.

### મહારાષ્ટ્ર એનસીપીમાં સત્તા સંઘર્ષ

ચાર મહિના પહેલાં એક વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અજીત પવારના આકસ્મિક અવસાનથી સર્જાયેલો રાજકીય શૂન્યાવકાશ હજી પણ પવાર પરિવાર અને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એનસીપી) ને વલોવી રહ્યો છે. તેમના અવસાનથી વરિષ્ઠ નેતા શરદ પવાર દ્વારા સ્થાપિત એનસીપીના બંને જૂથોને ફરી એક કરવાના પ્રયાસો અટકી પડ્યા છે, સાથે જ મુખ્ય જૂથમાં આંતરિક સત્તા સંઘર્ષ પણ શરૂ થઈ ગયો છે. આ દુર્ઘટનાના તુરંત બાદ અજીત પવારના પત્ની સુનેત્રા પવારે પક્ષ અને સરકારની બાગડોર સંભાળવા માટે ઝડપી હિલચાલ કરી હતી. હાલમાં દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વવાળી ભાજપ પ્રેરિત 'મહાયુતિ' સરકારમાં નાયબ મુખ્યમંત્રી અને એનસીપી જૂથના વડા તરીકે સુનેત્રા પવાર પક્ષના વરિષ્ઠ નેતાઓમાં વધી રહેલા અસંતોષને ડામવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. પક્ષના આંતરિક સૂત્રોનું કહેવું છે કે, અજીત પવારના પુત્રો દ્વારા સંગઠન પર નિયંત્રણ મેળવવાના પ્રયાસોને કારણે તણાવ વધુ વધી ગયો છે. જોકે, સુનેત્રા પવાર પોતાના પુત્રોને રાજકીય વારસદાર તરીકે સ્થાપિત કરવા આતુર છે, પરંતુ તેમના આ પગલાથી પક્ષના જૂના જોગીઓ સાથે વારંવાર ટકરાવ થઈ રહ્યો છે. અજીત પવારની જેમ વિરોધી મહત્ત્વાકાંક્ષાઓ પર મજબૂત પકડ રાખવામાં સુનેત્રા પવાર અસમર્થ દેખાઈ રહ્યા છે, જેના કારણે તેઓ જૂથબંધી પર કાબૂ મેળવી શકતા નથી.

### આસામ વિધાનસભામાં યુસીસી બિલ પસાર

તાજેતરમાં નવી રચાયેલી આસામ વિધાનસભાએ યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી) બિલ પસાર કરીને દેશભરનું ધ્યાન ખેંચ્યું છે. શાસક પક્ષ ભાજપે નવી ગઠિત વિધાનસભાના પ્રથમ સત્રમાં જ યુસીસી પસાર કરવાનું વચન આપ્યું હતું, જે સાથે જ ઉત્તરાખંડ, ગુજરાત અને ગોવા પછી આસામ દેશનું ચોથું એવું રાજ્ય બન્યું છે જ્યાં યુસીસી લાગુ થયું છે. વિધાનસભાની આ મહત્ત્વપૂર્ણ ઘટના જેટલી જ રસપ્રદ બાબત મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા દ્વારા આપવામાં આવેલી એ સ્પષ્ટતા હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે, આસામ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગૌરવ ગોગોઈ અને કોંગ્રેસ પક્ષ 9 એપ્રિલની વિધાનસભા ચૂંટણીમાં શા માટે પરાજિત થયા.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### કપાસના મૂળ: સંશોધનમાં

કપાસના મૂળમાં અર્ગટ જેવો સંકોચ કરવાનો ગુણ છે. ગામડાંમાં એના પ્રયોગ થયા હોવાનું જાણવા મળે છે. એના પર આધુનિક સંશોધન થાય તો ઉત્તમ પરિણામ મળે તેવી અમને શ્રદ્ધા છે.

## આજનું પંચાંગ

**તા. 19/06/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** સુદ: પાંચમ: 17:01
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક :** જેઠ: 29
**યોગ :** હર્ષણ **કરણ:** કૌવલ
**નક્ષત્ર :** અશ્લેષા: 10:10 સુધી જન્મેલાની આશ્લેષાની શાંતિ કરવી
**રાશિ:** કર્ક (ડ,હ) 10:10 પછી સિંહ (મ,ટ)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 05:59 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:21
**નવકારસી :** 06:47
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 09મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 03જો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ,
**રાહુ કાળ :** સવારે:- 10:30 થી 12:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** શુભ સમાચાર મળે. આવક વધે. પરીક્ષાના સફળતા મળે. પરિવાર સાથે મનોરંજન થાય. પ્રેમમાં સહકાર મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** નોકરી કે રોજગાર માટેના પ્રયત્નો સફળ રહે. પ્રવાસમાં અનુકુળતા રહે. ઘરમાં મહત્વના ફેરફાર થાય.

**મિથુન (ક,છ,ઘ,):** હાથ પરનો કામમાં પરિવારનો સાથ મળે. ઉધાર લેવાની યોજના બને. વિવાદથી અશાંતિ પેદા થાય.

**કર્ક (ડ,હ,):** નોકરી-ધંધા માટે પ્રવાસ થાય. આવક વધારવાની તક મળે. પ્રેમમાં સહકાર મળે. ઘરમાં અવ-નવર વધશે.

**સિંહ (મ,ટ,):** સમાજીક કામથી યસ મળે. ભાગીદારો સાથે યોગ્ય ચરલથી નવી યોજના પાર પડે.

**કન્યા (પ,ઠ,ણ,):** પ્રેમમાં વિશ્વાસ વધશે. ઈર્ષાળુથી સાવધાન, આંખની પીડા સતાવે. કાયદાકીય પ્રશ્નો સતાવશે.

**તુલા (ર,ત,):** નોકરીમાં જવાબદારી વધે. ધંધામાં આવક વધે. વિદ્યાર્થીઓને મદદ મળે. સંતાન ચિંતા સતાવે.

**વૃશ્ચિક (ન,ય,):** ધર્મ-કર્મથી શાંતિ મળે. તીર્થયાત્રા પરિવાર સાથે થાય. અચાનક શુભ સમાચારથી આત્મવિશ્વાસ વધે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** કિંમતી વસ્તુનું ધ્યાન રાખવું. વિશ્વાસઘાત થઈ શકે છે. ધાર્મિક પ્રવાસ થાય. આરોગ્ય નરમ રહે. ખર્ચા વધે.

**મકર (ખ,જ,):** વડીલોનું માર્ગદર્શન ઉપયોગી બને. રોજની આવક વધે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** હરીફોથી સાવધાન, નોકરીમાં જવાબદારી વધે. ઘરના કામમાં વિઘ્નો આવે. અશાંતિ પેદા થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથનો અનુભવ થાય. સંતાનોના કામમાં મિત્રોની મદદ મળે. આવક વધશે.

## કોઈ પણ સાલમાં 19 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં ચડતી-પડતીની સાથે ટેકનોલોજી અને સરકારી નીતિ વગેરેથી નવું શિખવા અને કામનો બોજ વધશે. આરોગ્ય નરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સમાજમાં સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે અનુકુળતા થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં કાયદાકીય પ્રશ્નો વધે. નવી નીતિ કે સરકારી દખલથી ધંધા-વેપારમાં હરીફો વધશે. ઊંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહમાં અવરોધ આવે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં ચડતી-પડતી રહે. વિદેશના વિદ્યાભ્યાસ બાબતે મદદ મળે. વિદ્યાર્થીઓને મુઝવણનો સામાન વધશે. યાત્રા-પ્રવાસનો કામમાં વિઘ્નો આવે. નવા વેપાર-ધંધામાં હરીફો સતાવે. વારસા, જાયદાત, જમીન, જેવા કામમાં વિઘ્નો આવે. ધર્મ-કર્મથી શાંતિ મળશે. જુલાઈ, ઓગસ્ટ, રવિ-સોમવાર, 01,10,28 તારીખે નવા કામ કરવા સોનેરી રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર-ડીસેમ્બર, શુક્ર શનિવાર, 07,16,25, તારીખે નવા કામ ટાળવો. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્ય ઉપાસના કરવી.